# સે-૨૭માં ડહોળા પાણીની સમસ્યા હલ કરવા લાઇનની સફાઇ કરાઇ

ગાંધીનગર તા ૧૮

શહેરના સે-૨૭ની સ્વસ્તિક સોસાયટીમાં પાણીની અને ગટરલાઇન ભળી જતા છેલ્લા દસ દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદના પગલે આજે તંત્ર દ્વારા ગટરલાઇનની ચેમ્બરની સફાઇ કરવામાં આવી હતી. જયારે આ દરમિયાન મેઈન હોલની એક દિવાલમાં ગાબડુ હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ હતુ. જેના પરિણામે પણ ડહોળુ પાણી આવતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે ડહોળા પાણીની સમસ્યા ટુંકમાં જ હલ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના સે-૨૭ માં સ્થિત સ્વસ્તિક સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી પીળા રંગનુ ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે દુર્ગંધયુક્ત અને ડહોળા પાણીની ફરિયાદોના પગલે તંત્ર દ્વારા આ વિસ્તારમાં પાણી અને ગટરલાઈનની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ગટર લાઈનની ચેમ્બરોની સફાઈ પણ કરવામાં આવી હતી. જયારે આ વેળાએ ગટરના મેઈનહોલની દિવાલમાં ગાબડુ હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ હતુ. તુટેલી દિવાલનુ સમારકામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ડહોળા પાણીની સમસ્યા માટે તંત્ર દ્વારા પાણી ગટર લાઈનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરમાં હવે ડહોળા પાણીની સમસ્યા હલ થઈ જશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારી આસુ... હવે નલીયાની ફેક્ટરી બંધ કરવા કહે છે...!!

# કલેક્ટર કચેરીમાં તમાકુ ખાઈ પિચકારી મારનાર મુલાકાતી દંડાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે તમાકુનો મસાલો ખાઈ અને પિચકારી મારતા એક મુલાકાતીને રૂ. ૨૦૦નો દંડ જિલ્લા કલેક્ટરે જાતે પકડી અને ફટકારતાં તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાની ફરિયાદ નિવારણ અને સમિતિ સહિતની વિવિધ બેઠકો યોજાઈ હતી. આ દરમ્યાન મીટીંગમાં હાજરી આપવા જતા કલેક્ટર સતીષ પટેલની નજર મુલાકાતીએ મારેલી પિચકારી પર પડતાં જ તેમણે તાત્કાલિક મુલાકાતીને બોલાવી તેની સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં પણ તેમણે તમાકુ નિયંત્રણ અંગેની કામગીરીને સઘન બનાવવા પર ભાર મુક્યો હતો એટલુ જ નહિ આ કામગીરીમાં ઉદાસીનતા બતાવનાર અધિકારી સામે દંડનીય કાર્યવાહી કરવાનું શસ્ત્ર ઉગામાશે તેવી ચીમકી પણ આપી હતી.

આ જ બેઠકમાં ભ્રૂણ પરીક્ષણને અટકાવવા માટે પણ આરોગ્ય તંત્રને સઘન કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી હતી. તેમણે શિક્ષણની જે શાળાઓએ વિદ્યાર્થીઓની વિગતો મોકલવાની બાકી હોય તેમને તાત્કાલિક વિગતો મોકલી આપવા જણાવી આગામી દિવસોમાં ઉચ્ચ અભ્યાસ માટેના જરૂરી પ્રમાણપત્રો શાળાએથી જ મળી જાય તે અંગેના કેમ્પ આયોજનના સંકેત પણ આપ્યા હતા.

# સેક્ટર-૨૪ ખાતે વાનમાં અચાનક આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ જીએસપીસીના ગેસ સ્ટેશન પાસે સાંજના સુમારે અચાનક વાનમાં આગ ભભુકી ઉઠી હતી. આ બનાવમાં વાન ચાલકનો આબાદ બચાવ થયો હતો. જ્યારે વાનનો મોટાભાગનો હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો. બનાવની જાણ ફાયરબ્રિગેડને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અડધો કલાક પાણીનો મારો ચલાવતા આગ કાબુમાં આવી હતી. આ બનાવને પગલે માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. અને નાગરીકોના ટોળેટોળા આ વાન જોવા ઉમટી પડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના રહેવાસી અનિલભાઈ તલવાડી પોતાની વાન નં. જીજે.૧૮.બીએ. ૧૦૪૩માં સીએનજી પુરાવા માટે સાંજના ૬ વાગ્યાના અરસામાં સેક્ટર-૨૪ સ્થિત પંપ પર ગયા હતા. ત્યાંથી સીએનજી પુરાવ્યા બાદ વાન માર્ગ પર આવતા જ વાનના પાછળના ભાગથી તણખા ઝરતા હોવાનું અને ધુમાડો નીકળતો હોવાનું પસાર થતા મહેન્દ્રભાઈ નામના વ્યક્તિએ કીધુ હતુ. વાનચાલક નીચે ઉતરીને જોવે તે પહેલા જ તેની આંખ સામે વાન આગમાં લપેટાવાનું શરૂ થયું હતું. બનાવની જાણ ફાયરબ્રિગેડની ટીમ જેમાં રિચાર્જભાઈ, હબીબભાઈ, દેવુસિંગને થતા ઘટનાસ્થળે પહોંચીને અડધો કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે આગની લપેટમાં વાનનો મોટાભાગનો હિસ્સો બળીને ખાખ થઈ જવા પામ્યો છે. આ આગ શોર્ટસર્કિટથી લાગી હોવાનું ફાયરબ્રિગેડના જવાનોનું માનવું છે. સળગી રહેલી વાનને પગલે રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે સળગતી વાન જોવા નાગરીકોના ટોળેટોળા ઉમટ્યા હતા. જો કે વાન ચાલકનો આબાદ બચાવ થવા પામ્યો હતો.

# એનઆઈસીએમ ખાતે આરોહણ ૨૦૧૭ ની દબદબાભેર ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના આંગણે ચ-૦ સર્કલ પાસે આવેલ એનઆઈસીએમ ઈન્સ્ટટયુટ ખાતે અભ્યાસ કરતા મહેમાનોનું શાબ્દીક અને બુકે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. ડિબેટ, સ્ટોક માર્કેટનો સમાવેશ થાય છે. આરોહણ -૨૦૧૭ ઈવેન્ટમાં ઈન્સ્ટટયુટમાં અભ્યાસ કરતા ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર




વિદ્યાર્થીઓ દ્વારા આરોહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રંગોળી, ડાન્સ,ડીબેટ જેવી વિવિધ ઈવેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેર ઈન્ફોસીટીની બાજુમાં આવેલ એનઆઈસીએમ ઈન્ટસ્ટટયુટ ખાતે તાજેતરમાં આરોહણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દેંના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન બી.એસ.લુથરા, પીડીપીયુ કોલેજના ડીન ડો. પ્રમોદ પાલીવાલ, અને ડો. રામનાથ પ્રસાદ સી.ઈ.ઓ.ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. એનઆઈસીએમના ડાયરેકટર ડો. જીજ્ઞા ત્રિવેદી દ્વારા ઈન્સ્ટટયુટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ૧૫ થી વધુ કૃતિઓ રજુ કરી હતી. જેમાં બિઝનેસ પ્લાન, સમર પ્રોજેકટ કોમ્પીટીશન, રંગોળી, ડાન્સ, નાટક, વેસ્ટમાંથી બેસ્ટ, ભાગ લીધો હતો. કોલેજના આ કલ્ચરલ કાર્યક્રમને વિદ્યાર્થીઓએ મનભરીને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. યશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શહેરના સે-૩ રામેશ્વર મંદિર ખાતે દિવ્ય જીવન શિબિર યોજાશે

## શિવરાત્રી નિમિતે બર્ફીલા અમરનાથના નાગરીકોને દર્શન થશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ સ્થિત રામેશ્વર મંદિર ખાતે શિવરાત્રી પર્વ નિમિતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા તા. ૨૪ થી ૨૭ દરમિયાન ધર્મપ્રેમી ભકતો માટે દિવ્ય જીવન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે શિવરાત્રી પર્વમાં ખાસ બર્ફીલા અમરનાથ દર્શન ભકતો ઘરે આંગણે કરી શકે તે માટે સુંદર શીવલીંગ તૈયાર કરવામાં આવશે.આ પ્રસંગે ખાસ વિડીયો શો- સમયની પુકાર અને આત્મખોજ પ્રદર્શન પણ યોજાશે .આ પ્રદર્શન સવારે ૭ થી રાત્રીના ૮ કલાક સુધી શરુ રાખવામાં આવશે. આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે ભારત સરકારના ખેડુત કલ્યાણ અને પંચાયતી રાજ વિભાગના રાજયકક્ષાના મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહેશે. શિવરાત્રીના પર્વ બાદ રાજયોગ દ્વારા ખુશનુમા દિવ્ય જીવન શિબિર દ્વારા તા. ૨૫, ૨૬ અને ૨૭ ફેબ્રુઆરીના રોજ સે-૩ ડી રામેશ્વર મંદિરના સભાખંડ ખાતે સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ અને રાત્રે ૮ થી ૯ કલાક દરમિયાન શિબિર યોજાશે. આ ત્રણમાંથી કોઈપણ એક શિબિરનો અનુકુળ સમયે લાભ લેવા ધર્મપ્રેમી ભકતોને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દહેગામ ખાતે જનવેદના પંચાયતનું આયોજન કરાયુ

દહેગામ, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં દહેગામ નહેરૂ ચોકડી ખાતે આજે જિલ્લા કોંગ્રેસ દ્વારા જનવેદના પંચાયતનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

દહેગામ વિધાનસભા ચૌધરી, સુહાગ પંચાલ, પ્રતાપસિંહ ઝાલા, વખતસિંહ ચૌહાણ, સચિન રાણે, મુકેશસિંહ ચૌહાણ, ગાંડાજી ઠાકોર, ફુલસિંહ ઝાલા, મણીભાઈ પરમાર, મહેન્દ્ર ચાવડા, સંગીતાબા ચૌહાણ, મધુબેન ચૌધરી, સરકારની જન વિરોધી નીતિઓ બાબતે પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. નગરજનોના વેધક પ્રશ્નોના નકલી વડાપ્રધાને ઉડાઉ જવાબ આપતા ઉપસ્થિત મહિલાઓએ ભારે સુત્રોચ્ચાર કરી ચંપલોની વર્ષા



વિસ્તાર માટે આજરોજ નહેરુ ચોકડી બપોરે ૨ વાગે જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય કામીનીબા રાઠોડ, શહેર કોંગ્રેસ પ્રમુખ ભુપેન્દ્રસિંહ રાઠોડ, દહેગામ તાલુકા પ્રમુખ બાબુસિંહ ઝાલા, તા.પં. પ્રમુખ આશાબા ઝાલા, ઉપપ્રમુખ જયંતીભાઈ પટેલ, કનુભાઈ ચૌધરી, નંદલાલ અમીન, ડૉ. દિલીપભાઈ શાહ, સુરેશભાઈ જગતસિંહ ઝાલા, રાજુભાઈ પઠાણ વિગેરે નામી અનામી આગેવાનોની ઉપસ્થિતિમાં 'જન વેદના પંચાયત' યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મહોરૂ પહેરાવીને નકલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કોંગ્રેસ પ્રેરિત જન વેદના પંચાયતમાં ઉપસ્થિત રખાયા હતા. જયાં ઉપસ્થિત નગરજનોએ નોટબંધી, નલિયા કાંડ અને મોદી કરી હતી.

જન વેદના પંચાયતો અંગે વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અનો ધારાસભ્ય કામીનીબા રાઠોડે જણાવ્યું છે કે જન વેદના પંચાયતમાં રજુ થયેલા નકલી, જુઠ્ઠા, ફેકુ અને નિષ્ફળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રશ્નોની જડી વરસાવીને હુરીયો બોલાવ્યો હતો.

# શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટના વાર્ષિકોત્સવ નિજાનંદ-૨૦૧૭ની રંગચંગે ઉજવણી

ગાંધીનગર, તા.૧૮ ફોટો

શ્રી સ્વામી નારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ભાટનો



વાર્ષિકોત્સવ નિજાનંદ-૨૦૧૭ આજે શહેરના ટાઉનહોલ ખાતે રંગેચંગે ઉજવાયો હતો. આ નિજાનંદ કાર્યક્રમમાં એસએસઆઈટીમાં અભ્યાસ કરતા ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ૧૫ થી વધુ કૃતિઓ રજુ કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા નાટક, ડાન્સ, ગીત સંગીત, લોકગીતો, ગરબા સહિત સુંદર રીતે રજુ કરાતા હાજર સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે સવારના સમયે શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટયુટનો વાર્ષિકોત્સવ નિજાનંદ-૨૦૧૭નું ઉદઘાટન જીટીયુના કુલપતિ ડો. નવિન શેઠ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈનડસ્ટ્રીઝના સેક્રેટરી વિજય શાહ, રિલાયન્સ ગેસટ્રાન્સપોર્ટના વાઈસ પ્રેસીડન્ટ ખગેશ મનજનવાલ,ખોડીયાર ઓટોકેડના ડાયરેકટર જીજ્ઞેશ પટેલ, શિવજી પટેલ, રામકૃષ્ણ સ્વામી, અક્ષર સ્વામી, ડાયરેકટર ધર્મેશ વંડરા, દ્વારા દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ પ્રસંગે કુલપતિના હસ્તે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે જીટીયુના કુલપતિએ પ્રાસંગિક પ્રવચનમાં સરકારની સ્ટાર્ટઅપ યોજના અંગે સવિસ્તાર માર્ગદર્શન આપીને બીઝનેસ માટે પ્રોત્સાહીત કરીને મેક ઈન ઈન્ડીયા પ્રોજેકટમાં સહભાગી થવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન એક કલાકારના પિતાનું અવસાન થતા તમામ ઉપસ્થિત ભાઈ બહેનોએ બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાજંલિ અર્પી હતી. જયારે રામ સ્વામીએ સૌને લશ્કર, પોલીસ કર્મચારી અને ટ્રાફિક પોલીસની સમાજ સેવાને બિરદાવી હતી. હંમેશા સારા નાગરીક તરીકે જવાનોને આદર આપવા માટે અપીલ કરી હતી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જીવનમાં મા બાપનું મહત્વ વિષય પર પણ ખુબ સુંદર નાટક વિદ્યાર્થીઓ દ્વારા ભજવાયું હતું. સૌ કોઈ એ તાળીઓના ગળગળાટથી વિદ્યાર્થીઓને વધાવી લીધા હતા. આ નાટકમાં સોહમ વ્યાસ સહિતના કલાકારોએ ભાગ લઈને અભિનયના ઓજસ પાથર્યા હતા. જયારે ફોજી કી બેટી નાટકમાં વિદ્યાર્થીઓએ સુંદર અભિનય કરતા હાજર તમામ વાલીગણ અને વિદ્યાર્થીઓની આંખ ભીંજાઈ ગઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, નાટક, ગીત-સંગીત, અને ફેશન શો, ગરબા, લોકસાહિત્ય અને લોક સાંસ્કૃતિની



વાતો રજુ કરાઈ હતી. એસએસઆઈટીના નિજાનંદ-૨૦૧૭ કાર્યક્રમની રંગેચંગે ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમને નિહાળવા માટે મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

# હવેલી મંદિરમાં વચનામૃતના સમયમાં ફેરફાર

ગાંધીનગર,તા. ૧૮

હવેલી મંદિરના ૨૫મા પાટોત્સવ પ્રસંગે તા. ૧૯-૦૨-૨૦૧૭ને દર્શનના સમયમાં ફેરફાર થયેલ છે. મંગળાદર્શન સવારે ૬ થી ૬.૩૦ વાગે, બ્રહ્મ સંબંધ સવારે ૯ કલાકે, નંદ મહોત્સવ - સવારે ૯.૩૦ કલાકે રંગમહેલ પાલના, વચનામૃત સવારે ૧૧ વાગે, રાજભોગ - તિલક દર્શન બપોરે ૧૨ વાગે અને શયનના દર્શનમાં કોઈ ફેરફાર નથી. ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપપ્રમુખ આર.જે. ગાંધીએ જણાવ્યું છે.

## લાડલી મિડીયા - એડર્વટાઈઝીંગ એવોર્ડસ સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

જાણીતી સ્વૈચ્છિક સંસ્થા 'પોપ્યુલેશન ફર્સ્ટ' દ્વારા આયોજિત ધ લાડલી મિડીયા એન્ડ એડવર્ટાઈઝીંગ એવોર્ડસ ફોર જેન્ડર સેન્સિવીટી-૨૦૧૫-૧૬' આગામી તા. ૨૩મી ફેબ્રુઆરી ગુરૂવારે સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદમાં ગુજરાત સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે જાણીતા નૃત્યાંગના-અભિનેત્રી તથા ચળવળકાર ડૉ. મલ્લિકા સારાભાઈ ઉપસ્થિત રહેશે. આ સંસ્થા દ્વારા પ્રતિવર્ષ મિડીયા તથા એડર્વટાઈઝીક ક્ષેત્રે જેન્ડર સેન્સિવીટી સંદર્ભે ઉત્કૃષ્ઠ કાર્ય કરનાર પત્રકારો, લેખકો તથા એડ. વ્યવસાયિકોને લાડલી મિડીયા એવોર્ડસ દ્વારા સન્માનવામાં આવે છે. આ અંતર્ગત વર્ષ ૨૦૧૫૧૬ માટે વેસ્ટર્ન રિજિયનના એવોર્ડસ એનાયત સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભમાં દૂરદર્શનના હેડ ઓફ પ્રોગ્રામ ડૉ. રૂપા મહેતા તથા ઈન્ટેલીજન્સ બ્યુરોના આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ ડૉ. કાનન દેસાઈ અતિથ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં 'પરી હું મૈ' ફેઈમ સુનિતા રાવ તથા દર્પણ પરફોર્મિંગ ગૃપ તેમનું ખાસ પરફોર્મન્સ રજૂ કરશે.

# ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટના વાર્ષિકોત્સવમાં સોનુ નિગમ આવશે

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તાર સ્થિત ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટના વાર્ષિકોત્સવ 'સાયનેપ્સ'નું તા. ૨૩મીથી ૨૬મી ફેબ્રુઆરી દરમ્યાન આયોજન કરાયું છે. આ વાર્ષિકોત્સવનું ઉદ્ઘાટન ઝાકીરખાનના હસ્તે કરાશે. વાર્ષિકોત્સવનું મુખ્ય આકર્ષણ સમાપન દિને યોજાનાર 'ધ ઈડીએમ નાઈટ'માં ખ્યાતનામ બોલીવુડ ગાયક સોનુ નિગમનું પરફોર્મન્સ છે. 'સાયનેપ્સ' એ દર વર્ષે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓ દ્વારા જાતે આયોજિત કરાતો વાર્ષિકોત્સવ છે. જેમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે ડાન્સ, ફેશન, મ્યુઝિક, ડ્રામા વગેરેની ઝાકમઝોળ ઉપરાંત પ્રતિભા નિખારતી સ્પર્ધાઓ જેવી કે ડિબેટ, ક્વીઝ, સાહિત્યિક ઈવેન્ટસ, બીઝનેસ ડેવલપમેન્ટ સહિતની એક્ટિવીટીઝનો સમાવેશ થાય છે. આ વાર્ષિકોત્સવમાં સામાજિક જવાબદારી, પર્યાવરણીય જાગૃતિ, તેમજ યુવા શક્તિને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ ઉપરાંત તેમાં રોબોટિક્સ અને કોડીંગ જેવી ટેકનિકલ ઈવેન્ટસ પણ સામેલ કરાય છે. સમગ્ર કાર્યક્રમ ૧૫ વિદ્યાર્થીઓની બનેલી એક સમિતિ દ્વારા સંચાલિત કરાય છે. જેને અસંખ્ય સ્વયંસેવક વિદ્યાર્થીઓની મદદ મળી રહે છે.

# ગાંધીનગર-વિજાપુર રૂટની મીની બસ બંધ થતા મુસાફરો પરેશાન

## અગાઉ ડેપો દ્વારા મીની બસ સેવા શરૂ કરાઈ હતી : અચાનક જ બસ બંધ કરી દેવાતા રોજ અપડાઉન કર્તા નોકરીયાતને મુંઝવણ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી વિજાપુર રૂટમાં દોડતી મીની બસ બંધ કરી દેવાતા શહેરમાં અપડાઉન કરતા નોકરીયાત વર્ગને બસ સેવા માટે વલખા મારવાનો વારો આવ્યો છે. રોજબરોજ વિજાપુરથી અપડાઉન કરતા કર્મચારીઓ તેમજ અન્ય નોકરીયાત અને વિદ્યાર્થીઓની પણ સંખ્યા વિશેષ છે. આવા સંજોગોમાં આ રૂટની બસ બંધ થતા સાંજના સમયે મુસાફરોએ બસ સેવા મટે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ અધ્ધરતાલ છે. ડેપોમાં મુસાફરોને અનુલક્ષી જરૂરી સુવિધાઓનો અભાવ વર્તાય છે. જયારે કંડકટર અને ડ્રાઈવર સહીતના સ્ટાફની ઘટના પરિણામે પણ બસ સેવા પર વિપરિત અસર પ્રવર્તી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરી બસ સેવાને અનુલક્ષીને પણ આમ નાગરિકોએ ઘણીવાર કલાકો સુધી બસ સ્ટેન્ડ પર ઉભા રહેવા છતા સલામત સવારી નસીબ થતી નથી. જયારે ગાંધીનગર અમદાવાદ સિવાયના અન્ય ગ્રામિણ રૂટની બસો પણ પુરતી સંખ્યામાં દોડતી ન હોવાના લીધે ગ્રામજનોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આવા સંજોગોમાં જરૂરી રૂટની બસ સેવાના અભાવના લીધે નોકરીયાત વર્ગને પણ મુશ્કેલી વેઠવી પડે છે. છેલ્લા કેટલાક સમયથી ડેપો તંત્ર દ્વારા વિજાપુર રૂટમાં શરૂ કરાયેલી મીની બસ પણ બંધ કરી દેવાઈ છે. જયારે આ બસ બંધ થતા સ્થાનિક કક્ષાએથી વિજાપુર તેમજ વિજાપુરથી ગાંધીનગર તરફ અપડાઉન કરતા મુસાફરો અટવાયા છે. અલબત્ત તેમને ડેપો કક્ષાએથી સાંજના સમયે આ રૂટની બસ મળતી નથી. હાલની સ્થિતિએ સાંજના સમયે ગાંધીનગરથી વિજાપુર અપડાઉન કરતા હોય તેવા નોકરીયાતોની સંખ્યા પણ વિશેષ છે. એક અંદાજ મુજબ વિજાપુરથી રોજ ૨૦૦ મુસાફરો ગાંધીનગરમાં અપડાઉન કરે છે. જયારે આ અપડાઉન કર્તાઓને સાંજના સમયે બસ મળતી નથી. મીની બસ સેવા પણ છીનવાતા અપડાઉનકર્તાઓની હાલાકી વધી છે. આ રૂટની બસ પુન : શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ટચૂકડી જાહેર ખબર

**શિક્ષકો જોઈએ છે**

અમારી સંસ્થા શ્રી કારડીયા રાજપૂત પ્રાથમિક, માધ્યમિક શાળામાં નીચેની લાયકાતવાળા શિક્ષકો જોઈએ છે.
(૧) પી.ટી.સી. ધો. ૧ થી ૫ માટે
(૨) બી.એ./એમ.એ. બીએડ.
**વિષય : હિન્દી, સંસ્કૃત, ગુજરાતી અથવા હિન્દી, ગુજરાતી**
તાત્કાલિક નીચેના ફોન પર કોન્ટેક્ટ કરવો.
**મો. : ૯૯૨૪૬ ૩૬૦૭૧**